**JAYBHARATI DIST. COMMUNITY SCIENCE CENTRE**

**(જયભારતી જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-સુરત)**

"LOKVIGYAN BHAVAN" C/o.-Vasudev Smart Prim. School no. 04,
Opp.-SMC Quarters, Nr.Balajinagar, Piplod , Surat-395 007
Tel. No. (0261) 2255600 Mo.7567924501,
E-mail : jaybharaticsc@gmail.com, www.jaybharaticsc.org

**Managed by:**
**JBF- Surat**

Affiliated with
**GUJCOST, DST,**
GoG-Gandh'r

Date: 19/02/2021

Ref. No. CSC-Srt/Sci.-Math's quiz-2019/2020-21

પ્રતિ,

આચાર્યશ્રી/શિક્ષકમિત્રો,

પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,(તમામ)

જી.સુરત.

**વિષય: રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-2021ની ઉજવણી અંતર્ગત ઓનલાઈન જનરલ સાયન્સ ક્વિઝનું આયોજન: ભાગ લેવા માટે શાળાઓ/ વિધાર્થીઓને આમંત્રણ બાબત**

જય વિજ્ઞાન સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવાનું કે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકની ગુજરાત કાઉન્સિલ ઓન ટેકનોલોજી **(GUJCOST)** ગાંધીનગર-પ્રાયોજિત સમગ્ર સુરત જીલ્લા કક્ષાનું અમારું જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-સુરત**(District Community Science Centre)** છેલ્લા **16** વર્ષથી સુરત ખાતે કાર્યરત છે. વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારને લગતા અનેકવિધ કાર્યક્રમો/સ્પર્ધા યોજવામાં આવે છે. તેનાથી આપ સૌ વાકેફ હશો જ.

આજના ઝડપી સ્પર્ધાત્મક તથા ઇન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં ડગલેને પગલે વિદ્યાર્થીઓને હરીફાઈમાં ઉતરવું જ પડે છે. ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ તથા સરકારી નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવી અનિવાર્ય બની ગઈ છે. આ ઉપરાંત અભ્યાસક્રમની શાળાકીય પરીક્ષાઓ પણ હવે **MCQ** પ્રકારની લેવાતી હોય, પરીક્ષાની તૈયારીમાં પણ મદદરૂપ થાય, વગેરે બાબતોને ધ્યાનમાં લઈને તેમજ નેશનલ લેવલની પરીક્ષાઓમાં આપની શાળાના વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી ઉત્કૃષ્ટ પરિણામ મેળવી શકે તથા વિદ્યાર્થીઓને આવી પરીક્ષા પધ્ધતિનો પરિચય કરાવવાના ઉદ્દેશથી જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે તારીખ ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ ત્રણ કેટેગરી પ્રમાણે ધોરણ ૫-૬, ધોરણ ૭-૮ અને ધોરણ ૯-૧૦ નું જનરલ સાયન્સ ક્વીઝ ઓનલાઈન આયોજન કરવામાં આવેલ છે.

હેતુ:-આપની શાળાના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને જ્ઞાન વધુ સુદૃઢ બને અને આગળ જતા કારકિર્દી માટેની સ્પર્ધાત્મકની પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓ તૈયાર થાય તેવો આ પરીક્ષાનો હેતુ છે

આ પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓમાં સામાન્યજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થાય તેમજ વિદ્યાર્થીઓમાં પડેલ સુષુપ્ત શકિતઓને બહાર લાવવાના તેમજ તેમનામાં કંઇક વિશેષ કૌશલ્ય ખીલી ઉઠે એવા આશયથી ક્વિજ સ્પર્ધાનું આયોજન કરેલ છે. આ સ્પર્ધામાં આપની શાળામાંથી વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લે, તે માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપી યોગ્ય પ્રયાસ કરશો તેવી અપેક્ષા સહ.

આભાર સહ...........

વિધિબેન લીલા
સાયન્સ કો-ઓર્ડિનેટર, CSC- સુરત

જા.નં. મા-૨/ ૨૩૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર / જિલ્લાની તમામ શાળાઓ
સદર-
૨/- જાણ તથા અમલ અર્થે રવાના
કર્યું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

## જનરલ ઓનલાઈન સાયન્સ ક્વોઝ/પરીક્ષા આયોજન

૧. તા. 25/02/21 કેટેગરી- A પ્રાથમિક વિભાગ ધો. ૫ અને ૬ ની ક્વિઝ

૨. તા. 26/02/21 કેટેગરી-B ઉ. પ્રાથમિક વિભાગ ધો. ૭ અને ૮ ની ક્વિઝ

૩. તા. 27/02/21 કેટેગરી- C માધ્યમિક વિભાગ ધો. ૯ અને ૧૦ ની ક્વિઝ

## સાયન્સ ક્વીઝ માટે અગત્યની સૂચનાઓ/માર્ગદર્શિકા

1. આ ક્વીઝ સ્પર્ધામાં ભાગ લેવા માટે રસ ધરાવતી શાળાઓએ તારીખ ૨૪/૦૨/૨૦૨૧ સુધીમાં વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવવાનું રહેશે.
2. નોંધણી ફોર્મમાં પૂરે વિગત અને સાચી માહિતી ભરવાની રહેશે.
3. પ્રાથમિક (ધો.૫ થી ૮) અને માધ્યમિક(ધો. ૯-૧૦) વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ પ્રવેશને પાત્ર છે.
4. આ પરીક્ષા ઓનલાઈન રહેશે અને આપેલ સમય મર્યાદામાં પૂરી કરવાની રહેશે.
5. દરેક ખરા જવાબનો એક ગુણ રહેશે. ખોટા જવાબ માટે માયનસ પધ્ધતિ નથી.
6. ૫૦ માથી ૨૫ થી ઉપર ગુણ મેળવનાર વિદ્યાર્થીને CSC તરફથી ડીજીટલ પ્રમાણપત્ર આપવામાં આવશે.
7. આ જનરલ સાયન્સ ક્વિઝ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં રહેશે.
8. ક્વિઝના પ્રશ્નો વિજ્ઞાનના સામાન્ય જ્ઞાન અને અભ્યાસક્રમ(Syllabus) આધારિત કુલ **50 MCQ** પ્રકારના પ્રશ્નો હશે,
9. ઉપરોક્ત ક્વિઝના પરીક્ષા અંગેના કોઈ પણ નિયમોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર લોક વિજ્ઞાન કેન્દ્રનો રહેશે.
10. તા.**28/02/21 "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"** ના રોજ ક્વિઝનું પરીણામ અને સર્ટીફિકેટ વિતરણ કરવામાં આવશે.
11. વધુ માહિતી માટે મો.7096779953 (વિધિબેન લીલા) 886653881 (પિનાકીનભાઈ પુરાણિક) સંપર્ક કરવો

**જનરલ સાયન્સ ક્વિઝમાં ભાગ લેવા માટેની લિન્ક નીચે મુજબ છે.**

- ધોરણ ૫-૬ ના રજિસ્ટ્રેશન માટેની લીંક : https://forms.gle/ogV1pyTUxe2h1esC6
- ધોરણ ૭-૮ ના રજીસ્ટ્રેશન માટેની લીંક : https://forms.gle/frEwYx9xdG1KM33S9
- ધોરણ ૯-૧૦ ના રજીસ્ટ્રેશન માટેની લીંક : https://forms.gle/pHRTmRAMoWYHyYXj8

------------------------ x --------------------------- x--------------------------------